Regd. No. GNR/65-G0

ગાંધીનગર સમાચાર

**ઉદ્યોગ ભવનમાં લીફ્ટનુ કામ સમયસર પુર્ણ ન થતા એજન્સીને રૂ ૫૦ લાખનો દંડ**

## હે રંગલો જામ્યો કાલીંદડીને ઘાટ છોગાળા તારા, હો રે છબીલા તારા, હો રે રંગીલા તારા રંગભેરુ જુએ તારી વાટ, રંગલો....



નવરાત્રીનો રંગ જામ્યો - શહેરમાં નવરાત્રીમય માહોલ સર્જાયો છે... સમી સાંજથી ખેલૈયાઓ અને ગરબા પ્રેમીઓ રાત્રે ગરબાની જવાની તૈયારીઓમાંલાગી જાય છે... નવ વાગ્યા સુધીમાં તો શહેરના તમામ ગરબા ગ્રાઉન્ડ પર ખેલૈયાઓની રમઝટ શરૂ થઈ જાય છે... માત્ર ત્રણ કલાકમાં શહેરના ખેલૈયાઓ અવનવી શૈલીમાં ભક્તિ અને શક્તિની ઉપાસનામાં જોડાતા નર્તન દ્વારા આરાધના કરે છે... શહેરનું યૌવનધન નીતનવા ગરબા પરિવેષમાં સજીધજી ગરબે રમવા ઉમટે છે... અને એટલા જ પ્રમાણમાં ગરબા પ્રેમીઓ ગરબા નિહાળવા અને સાંભળવા પહોંચે છે... ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં ત્રીજા દિવસે ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા.... (તસવીર : પરમ ક્રિએશન)

# નવરાત મધ્યાંતરે નવયૌવન હીલોળે ચઢયુ

ગાંધીનગર તા ૧૬

નગરમાં નવરાત્રિ મહોત્સવની ઉજવણી મધ્યાંતરે પહોંચતા શેરી ગરબા અને સેકટરોમાં ગરબાની રંગત જામી છે. સંસ્થાકીય ગરબા મહોત્સવમાં ભાતીગળ વસ્ત્રોમાં અનોખો માહોલ જોવા મળી રહયો છે. સેકટરોના શેરી ગરબામાં રાત્રિના ગરબાની રમઝટ જામે છે. સાંજ ઢળતા જ સેકટરોના ગરબા મેદાનમાં અજવાળુ પથરાઈ જાય છે. જયારે માતાજીની આરતી બાદ

**સેકટરોમાં ગરબાની રમઝટ જામી : રજાના દિવસે મન મકીને ગરબે ઘુમવા ખૈલૈયાઓ ઉત્સુક : શનિ રવિની રજા અને આઠમની વિશેષ તૈયારીમાં આયોજકો વ્યસ્ત : નગર નવરાત્રિમય બન્યુ**

સજ્જ નવયૌવન હીલોળે ચઢયુ છે. ખૈલેયાઓ મન મુકીને ગરબે ઘુમી રહયા છે. જયારે શનિ રવિની રજાઓ તેમજ આઠમ આવતી હોવાથી નગરજનો નવરાતની ઉજવણીમાં તલ્લીન બન્યા છે. આઠમના દિવસે પણ ગરબા મેદાનમાં વિશેષ ભીડભાડ રહેતી હોવાથી ગરબાના આયોજકો પણ પુર્વ તૈયારીમાં લાગી ગયા છે.

નગરમાં નવરાત મહોત્સવમાં આધાશકિતની આરાધનાથી ગરબાની રમઝટ જામે છે. સેકટરોમાં યોજાતા શેરી ગરબામાં રોશનીની ઝાકમઝોળ વચ્ચે નવયૌવન હીલોળે ચઢે છે. જયારે સંસ્થાકીય ગરબા મહોત્સવમાં પણ નવરાત્રિની રંગત જામી છે. મધ્યાંતરે પહોંચતા નવરાત્રિ મહોત્સવમાં ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમી લેવા એકપણ પળ ગુમાવા માંગતા નથી.સંસ્થાકીય ગરબા મહોત્સવમાં ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ ખૈલેયાઓ અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમતા નજરે પડે છે. ખૈલેયાઓને ગરબે ઘુમતા નિહાળવા નગરજનોની ભીડ જામે છે. જયારે નવરાત મહોત્સવ મધ્યાંતરે પહોચતા નગરમાં નવરાતની ઉજવણીનો માહોલ નિખર્યો છે. જયારે આગામી શનિ રવિની રજા ઉપરાંત આઠમ સહિતના તહેવારને અનુલક્ષી નવરાત મહોત્સવને અનુલક્ષી ખૈલેયાઓની ઉત્સુકતા વધી ગઈ છે. જયારે ગરબા નિહાળવા આવતા ગરબાપ્રમીઓ પણ રજાના દિવસે ગરબા જોવા અને માંણવા ઉત્સુક બન્યા છે. જેથી ગરબા મેદાનમાં પણ ભીડ વધે તેવી સંભાવના છે. ત્યારે ગરબાના આયોજકોએ પણ આ સ્થિતિને ધ્યાને લઈ જરૂરી વધુ તૈયારીમાં લીગી ગયા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

# નવરાતમાં ટ્રાફિક નિયમનની ઐસી તૈસી : વાહનચાલકો બેફામ

ગાંધીનગર, તા. ૧૬

પાટનગરમાં નવલી નવરાત્રીનો અદ્‌ભૂત માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે. નાના-મોટા સૌ ખેલૈયાઓ પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ અવનવી ગરબા સ્ટાઈલ અને થીમ પર ગરબા મેદાનમાં ધૂમ મચાવી રહ્યા છે. પરંતુ ગરબા ખેલવા માટે મશગુલ અને ગરબા સ્થળોએ પહોંચવા માટે યુવાન યુવતીઓ ટુ વ્હીલર વાહનો પર ત્રણ-ત્રણ ને ચાર-ચાર સવાર થઈ ધૂમ સ્ટાઈલ પુરપાટ ઝડપે વાહન હંકારી ભયનો માહોલ ઉભો કરી રહ્યા છે. આથી અનેક વાહનચાલકો પણ મુશ્કેલી અને ડર અનુભવી રહ્યા છે.

**રાત્રીના ટ્રીપલ શીટમાં બેફામ જતા બાઈકચાલકો માર્ગ સલામતી જોખમમાં મુકે તેવી દહેશત**

રાજયભરમાં નવરાત્રી મહોત્સવનો ધામધૂમપૂર્વક પ્રારંભ થઈ ચૂક્યો છે. ખેલૈયાઓ મન મુકીને ગરબા મેદાનમાં ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. યુવા હૈયાઓ અવનવા ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ થઈ મિત્રો-ગૃપ સાથે ગરબા મેદાનમાં મોજ મજા અને મસ્તી કરી રહ્યા છે. ત્યારે પોતાના ઘરેથી ગરબા મેદાન સુધી પહોંચવામાં આ યુવાનો છડેચોક ટ્રાફિકના નિયમોનો ભંગ કરી રહ્યા છે.



યુવાનો સાંજ પડતા જ ટુ વ્હીલર પર એક સાથે ત્રણ-ત્રણ ને ચાર-ચાર સવાર થઈ જાય છે. અને બેફામ ગતિએ વાહનો દોડાવી રહ્યા છે. માર્ગ પર મોટા અવાજે હોર્ન વગાડતા અને બુમો પાડતા યુવાનો આસપાસના અન્ય વાહનચાલકોને પણ પરેશાન કરી રહ્યા છે. આ વાહન ચાલકોનો માર્ગો પર આતંક વધી રહ્યો છે. ગરબા સ્થળની આસપાસ પર લોકોને સ્ટાઈલ મારવા મોડી રાત્રે કેટલાક વાહન ચાલકો ભરચક વિસ્તારોમાં પણ બાઈકો ઉછાળી અવનવા સ્ટન્ટ પણ કરી રહ્યા છે. આવા વાહનચાલકોને લીધે શહેરના અન્ય વાહન ચાલકો અને રાહદારીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

# કલ્ચરલ સ્કવેરમાં ચાંચર ચોકને દિવડાઓ અને રંગોળીથી સુશોભિત કરાયો

ગાંધીનગર તા ૧૬

સેકટર ૩ સી કલ્ચરલ સ્કવેરમાં શેરી ગરબાની રંગત જામી છે. ત્રીજા નોરતે ચોકમાં શેરી ગરબા સ્પર્ધાના આયોજકોએ સ્કવેરની મુલાકાત લીધી હતી. આ તબક્કે ચોકની યુવતિઓએ માતાજીના ચાંચર ચોકને રંગોળી તેમંજ દિવડાઓના દિવ્ય પ્રકાશથી સુશોભિત કર્યો હતો. કલ્ચરલ સ્કવેરની બહેનોએ ઉત્સાહભેર શેરી ગરબામાં ભાગ લઈ ઉપસ્થિત ગણના દિલ જીતી લીધા હતા.

**શકિતની ભકિતમાં ભાવિકો તરબોળ પારિવારિક માહોલમાં નવરાતની ઉજવણી**

શહેરમાં શેરી ગરબાની રમઝટ જામી છે. ત્યારે શહેરના સોકટરોમાં નાવરાતા દરમિયાન શેરી ગરબા સ્પર્ધાનુ પણ આયોજન કરવામાં આવે છે. જયોતિ મહીલા મંડળ દ્વારા આયોજિત આ સ્પર્ધા અન્વયે સંસ્થાના પ્રતિનિધિઓ દરરોજ જુદા જુદા સેકટરોમાં રાઉન્ડ લઈ શેરી ગરબાના આયોજનનુ નિરિક્ષણ કરી સ્પર્ધાના અંતે ઈનામો પણ જાહેર કરે છે. ગઈકાલે સે-૩ સીના ચાંચર ચોકમાં અનોખો શણગાર જોવા મળ્યો હતો. ચોકની મહીલાઓએ માતજીના ગરબા મેદાનમાં દિવડાઓની જયોત પ્રગટાવી રંગોળી કરી હતી. જયારે શેરી ગરબાની સ્પર્ધાના આયોજન અન્વયે આયોજકોની ટીમે મુલાકાત લેતા મહીલાઓએ ગરબો રજુ કરીને આયોજકોનુ દિલ જીતી લીધુ હતુ.માતાજીના ચોકમાં શિવાની ગુપ્તા તેમજ દિવ્યા વાળંદે હેતલ ત્રિવેદી અને જયોતિબેન ગોસ્વામીની મદદથી ભવ્ય રંગોળીનુ નિર્માણ કર્યુ હતુ. જયારે કલ્ચરલ સ્કવેરના પ્રમુખ વિષ્ણુભાઈ પટેલ તેમજ વાસુદેવ અજબાણી રામભાઈ પટેલ જયંતભાઈ દેસાઈએ પણ શેરી ગરબાના આયોજનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.





ગરબાનો માહોલ : ગુજરાતના ભાતીગળ ગરબાનો માહોલ ધીમે ધીમે જામતો જાય છે... શેરી ગરબાથી લઈ પાર્ટી પ્લોટ સુધી ખેલૈયાઓ મન મુકીને ગરબા ઘુમવા જાય છે... યૌવનની સાથે સાથે અબાલ વૃદ્ધ પણ ગરબામાં જોડાય છે... ગાંધીનગર ખાતે પણ સચિવાલય કર્મચારી મંડળ અને વિધાનસભા કર્મચારી મંડળ દ્વારા પણ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આનંદીબાના વડલા ખાતે આવેલ વૃદ્ધાશ્રમના વડીલો આ ગરબામાં જોડાયા હતા. વડીલો પણ ગરબામાં ઉત્સાહથી જોડાયા હતા. મન મુકીને ગરબે ઘુમ્યા હતા. વડીલોનો ઉત્સાહ જોઈ વિધાનસભા કર્મચારી મંડળના અધિકારીઓ - કર્મચારીઓએ પણ ખુશી વ્યક્ત કરી હતી.

# ઉદ્યોગ ભવનમાં લીફ્ટનુ કામ સમયસર પુર્ણ ન થતા એજન્સીને રૂ ૫૦ લાખનો દંડ

ગાંધીનગર તા ૧૬

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઉદ્યોગ ભવનમાં વિવિધ બ્લોકમાં નવી લીફ્ટ મુકવામાં આવી છે. જેમાં ૧૪ જેટલી લીફ્ટનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. જયારે આ કામગીરીમાં વિલંબ થતા તંત્ર દ્વારા જવાબદાર એજન્સીને રૂ ૫૦ લાખનો દંડ ફટકારવા નોટીસ આપી છે. હાલ ઉદ્યોગ ભવનમાં અન્ય ૬ લીફ્ટ મુકવાનુ કામ ચાલી રહયુ છે.

નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ઉદ્યોગભવનના તોતિંગ સંકુલમાં વિવિધ સુવિધાઓ અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આ અન્વયે આગામી દિવસોમાં નવિન ઠેકાણે કાર પાર્કીંગ પણ બનાવવામાં આવશે. જયારે સંકુલમાં લેન્ડ સ્કેપીંગનુ કામ પણ હાથ ધરવામાં આવશે. જયારે વર્ષોનાં અંતે ઉદ્યોગ ભવનના સંકુલમાં લીફ્ટ પણ છાશવારે ખોટવાતી હોવાથી ઉદ્યોગ ભવન સોસાયટી દ્વારા લીફ્ટ મુકવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. જયારે આ અન્વયે કરોડો રૂપિયાના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી જયારે સમયસર કામ પુર્ણ ન થતા ઉદ્યોગ ભવનના સંકુલમાં રોજબરોજ આવતા હજારો મુલાકાતીઓએ પારાવાર હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. જેને અનુલક્ષી સમયસર કામ પુર્ણ ન કરવા બદલ તંત્ર દ્વારા જવાબદાર એજન્સીને રૂ ૫૦ લાખનો દંડ વસુલવામાં આવશે તંત્ર દ્વારા આ મામલે જવાબદારે એજન્સીને નોટીસ આપી દેવાઈ હોવાનુ પણ અંતરંગ સુત્રોએ જણાંવ્યુ છે. હાલ પણ ઉદ્યોગ ભવનના સંકુલમાં નવી ૬ લીફ્ટ નાંખવાનુ કામ ચાલી રહયુ છે. જેની પાછળ પણ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ થશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Sleek THE KITCHEN SPECIALIST
Sleek's innovative storage ideas created more space in my kitchen
Rajdhani Hardware
G-10, Meghmalhar, Sector-11, Gandhinagar-382 011.
Ph: 079-23229033, M-9825033740

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૯૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com